ગાંધીનગર સમાચાર

**રવિવારે ફરી એકવાર શહેરમાં 'યુથરન' યોજાશે**

## @ગાંધીનગર

● સેકટર-૧૨ સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે સવારે ૯ કલાકે રાજયકક્ષાનો નર્સિંગ સેમિનાર યોજાશે.

● સેકટર-૫ સ્થિત પ્રેરણા વિદ્યાલય ખાતે સાંજે ૬.૩૦ થી ૮.૦૦ કલાક દરમિયાન તા. ૧૮ થી ૨૬ માર્ચ સુધી સંસ્કૃત સંભાષણ વર્ગ શિબિર યોજાશે.

● વિરાટ કિસાન રેલીને અંતર્ગત સવારે ૮.૩૦ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતેથી બાઈક રેલી નીકળી સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે પહોંચશે.

# અહો આશ્ચર્યમ્...!! પાંચને બદલે છ - છ આંગળીઓ

ગાંધીનગર, તા.૧૭

ઘણીવાર કુદરતનો કમાલ માનવીને અચંબામાં મુકી દેતો હોય છે. કેટલાંક માનવીના અંગોની રચના સામાન્ય માનવીઓ કરતા અલગ જ પ્રકારની જોવા મળે છે, જેમ કે મશહુર અભિનેતા રિતિક રોશનના હાથમાં વધારાની આંગળી તેના પ્રશંસકો માટે ખાસ ઓળખ બની ગઈ છે. જયારે પીકે ફિલ્મમાં આમિરખાનના કાનની રચના દર્શકોમાં અચરજ પમાડી ગઈ હતી. ત્યારે ગાંધીનગરમાં પણ એક એવા મહિલા છે જેમને ૨૪ આંગળી કુદરતે આપી છે. ખાસ કરીને કોઈપણ માનવીને માત્ર એક કે બે આંગળી કે અંગુઠો વધારાનો જન્મથી હોય છે. સમાજમાં આવા વધુ આંગળી ધરાવતા વ્યકિતને નસીબદાર પણ ગણવામાં આવે છે. ત્યારે આ બેનને કુદરતી મળેલી ગીફટ ૨૪ આંગળીઓને જોઈ સૌ કોઈ અચંબામાં પડી જાય છે.





ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગામ ઈન્દ્રોડામાં રહેતા ૪૫ વર્ષીય ભીખીબેન રમેશભાઈ રાવળ ગામના રાવળ વાસમાં પોતાના પરિવાર સાથે રહે છે. ભીખીબેનને જન્મથી ૨૪ આંગળીઓ કુદરતે આપેલી અનોખી બક્ષીસ છે. જેમાં એક જ હાથ કે એક જ પગમાં એક થી વધુ આંગળી નહી પરંતુ દરેક હાથ અને દરેક પગમાં એક એક આંગળી વધુ છે. સમાજમાં દરેક સામાન્ય વ્યકિતને હાથપગની મળીને કુલ ૨૦ આંગળીઓ હોય છે. ભીખીબેન પહેલા કોઈને કહે કે મારે ૨૪ આંગળીઓ છે તો કોઈ ગામની અન્ય મહિલા પણ તેમની આ વાત માનવા તૈયાર નહોતું કે હોતી હશે પરંતુ ભીખીબેન દ્વારા આંગળીઓ બતાવતા તમામ મહિલાઓ અચંબામાં પડી જાય છે.

ભીખીબેનના પરિવારમાં આ અણમોલ કુદરતીની ભેટ તેમના દિકરામાં પણ જોવા મળે છે. રોહીત નામના તેમના દિકરાને પણ ૨૩ આંગળીઓ છે. આ પરિવારની આંગળીઓ જોઈ ગ્રામજનો સહિત નગરવાસીઓ પણ અચરજ પામે છે. આમ તો વધુ આંગળી હોય તો નસીબદાર ગણવામાં આવે છે પરંતુ ભીખીબેન અને તેમનો પરિવાર તો મહેનત મજુરી કરીને સૌ હસતા હસતા જીવનની મોજ માણે છે. જો કોઈ વ્યકિત આંગળીના હિસાબમાં શરત મારવા બેસે તો આ પરિવાર પાસે ચોક્કસ હારી જાય... કારણકે ઈશ્વરની અણમોલ ચીજની વાત જ કંઈ ઔર છે....

## વાતવાતમાં

● સિવિલ હોસ્પિટલના લેબર વોર્ડ પાસેની લીફટ અધવચ્ચે અચાનક બંધ થઈ જતા કેટલાક દર્દીઓના સગા સંબંધી તેમાં ફસાઈ જવા પામ્યા હતા. જો કે દસેક મિનિટમાં લીફટ ફરી ચાલુ થઈ જતા સૌએ રાહતનો દમ લીધો હતો.

● શહેરમાં યોજાઈ રહેલ આગામી કિસાન રેલીના કારણે ભાજપના કાર્યકરો નેતાઓમાં ઉત્સાહ વર્તાઈ રહ્યો છે. નગરના મુખ્ય માર્ગો પર સ્વાગતના મોટા મોટા હોર્ડિંગ્સ લગાડી દેવાયા છે.

● આગામી શનિવારે શહેરમાં આવી રહેલા પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના આગમનના પગલે સુરક્ષા બાબતે અત્યંત કાળજી લેવાઈ રહી છે. પોલીસ તંત્ર સાબુદ બની કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે અંગે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી રહ્યું છે.

● જે સમર્પણ કોલેજના નવ નિર્મિત સંકુલના ઉદઘાટન માટે ડૉ. મનમોહનસિંહ આવી રહ્યાં છે તેના જુના સંકુલ સે-૮ ખાતે હાલ ફર્સ્ટ યર બીએની પરીક્ષાઓ ચાલુ છે. આ પરીક્ષાનું એક પેપર તા. ૧૯મીએ જ હતું તેને બદલીને હવે તા. ૨૧મીએ રાખવામાં આવ્યું છે.

● સિવિલ હોસ્પિટલમાં ફરી એકવાર ગટર ઉભરાવાની સમસ્યા સર્જાઈ છે. આ ગટર સ્પેશિયલ રૂમની નજીક હોવાથી ત્યાં દાખલ દર્દીઓને 'સ્પેશિયલ દુર્ગંધ' માણવી પડી રહી છે.

## જિલ્લા નાડોલ રાજપૂત સમાજના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૧૭

તાજેતરમાં ગાંધીનગર જિલ્લા નાડોલ રાજપૂત સમાજ દ્વારા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રમુખ





તરીકે કરસનભાઈ ચાવડા, ઉપપ્રમુખ તરીકે બળદેવભાઈ મોરી, માનદમંત્રી તરીકે હરેન્દ્રભાઈ રાઠોડ, સહમંત્રી પદે ભરતસિંહ રાજપૂત, મિડિયા કન્વીનર પદે દિલિપસિંહ વઢેર અને કોષાધ્યક્ષ તરીકે રમેશભાઈ મોરીની વરણી કરાઈ હતી.





## સે-૮માં નડતરરૂપ 'બાવળિયો' હટાવાયો

સેકટર-૮માં શોપીંગ સેન્ટર સામે રીંગ રોડ પર એક જુનું બાળવનું ઝાડ રસ્તાની એટલું નજીક હતું કે વાહનચાલકો સહિત તમામ માટે અડચણરૂપ બનતું હતું. સેકટરના રહેવાસીઓ દ્વારા આ બાવળીયાને હટાવવા અનેકવાર રજુઆતો કરવામાં આવી હતી પરંતુ તેનો કોઈ ઉકેલ આવતો નહોતો. તાજેતરમાં સેકટરના અગ્રણી રહીશ નાજાભાઈ ઘાંઘરના પ્રયત્નોના કારણે વનવિભાગ દ્વારા આ બાવળના ઝાડને હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. નડતરરૂપ ઝાડ હટી જતા સે-૮ના રહીશોએ રાહતનો દમ લીધો હતો.

## શેરથા રોડ પરથી દેશી દારૂની હેરાફેરી કરતો શખ્સ ઝડપાયો

### એકટીવા પર ૫૪ લીટર દારૂ લઈને જઈ રહ્યો હતો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર નજીક શેરથા રોડ પરથી એક એકટીવા લઈને જઈ રહેલા યુવાનને ઉભો રખાવી અડાલજ પોલીસે તપાસ કરતા દેશી દારૂની હેરાફેરી કરતો હોવાનું ધ્યાને આવ્યું હતું અને તેની પાસેથી ૫૪ લીટર દેશી દારૂની પોટલીઓ મળી આવી હતી. અડાલજ પોલીસે દેશી દારૂ અને એકટીવા જપ્ત કરીને ખેપીયાની ધરપકડ કરી લીધી છે.

અડાલજ પોલીસે બાતમીને આધારે શેરથા રોડ પર કસ્તુરીનગર પાસે આજે સવારે ૧૦ વાગ્યાના અરસામાં વોચ રાખી હતી. બાતમી વાળુ એકટીવા ત્યાંથી પસાર થતા ઉભું રખાવી તપાસ કરવામાં આવી હતી. એકટીવામાં ૫૪ લીટર દેશી દારૂની પોટલીઓનો જથ્થો ભરેલો હતો અને હેરાફેરી થઈ રહી હતી. પોલીસે દારૂનો જથ્થો તથા એકટીવા જપ્ત કરીને ભીખા ઉર્ફે સેટ્ટી મોહન ઠાકોરની ધરપકડ કરી લઈ દેશી દારૂ કયાંથી લાવ્યો હતો અને કયાં લઈ જવાઈ રહ્યો હતો તેની તપાસ અડાલજ પોલીસે શરુ કરી છે.

# ગાંધીનગર સિવિલના રેસીડન્ટ ડૉકટર્સના સ્ટાઈપેન્ડમાં જંગી વધારો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં રેસીડન્ટ ડોકટર્સ તરીકે ફરજ બજાવતા ૮૦ થી વધુ ડોકટર્સના સ્ટાઈપેન્ડમાં ધરખમ વધારો થવા પામ્યો છે. રેસીડન્ટ ડોકટર્સ દ્વારા કરવામાં આવેલ સ્ટાઈપેન્ડ વધારાની માંગણીની ફાઈલ છેલ્લા ઘણા સમયથી સરકારના આરોગ્ય વિભાગમાં પેંન્ડીગ હતી. રાજયની તમામ જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલના રેસીડન્ટ ડોકટરોને નવું સ્ટાઈપેન્ડ ધોરણ ટુંક સમયમાં ચુકવાશે. ગાંધીનગર હોસ્પિટલમાં ફરજ બજાવતા સિનિયર અને જુનિયર રેસીડન્ટ ડોકટરોમાં સરકાર દ્વારા કરવામાં આવેલા ૪૮ ટકા સ્ટાઈપેન્ડ વધારાને લઈ આનંદનું મોજુ ફરી વળ્યું છે.

સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ રાજયની જીએમઈઆરએસ સંચાલિત તમામ હોસ્પિટલમાં જુનિયર તેમજ સિનિયર રેસીડન્ટ ડોકટરો ફરજ બજાવે છે. જેમાં જુનિયર રેસીડન્ટ ડોકટરોને રૂ.૨૮૦૦૦ તેમજ સિનિયર રેસીડન્ટ ડોકટરોને રૂ.૩૨૮૦૦ સ્ટાઈપેન્ડ તરીકે ચુકવવામાં આવે છે. જેને પગલે હવે સિનિયર રેસીડન્ટ ડોકટરને રૂ.૪૬૦૦૦ અને જુનિયર રેસીડન્ટ ડોકટરને રૂ.૪૧૪૪૦ સ્ટાઈપેન્ડ આગામી ટુંક સમયમાં ચુકવવામાં આવશે. જયારે રાજયની ખાનગી તેમજ અન્ય સરકારી હોસ્પિટલમાં ફરજ બજાવતા અન્ય રેસીડન્ટ ડોકટરોનું સ્ટાઈપેન્ડ જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલમાં ફરજ બજાવતા રેસીડન્ટ ડોકટર્સ કરતા વધુ હતું. જેને કારણે સ્ટાઈપેન્ડ વધારાની માંગ સાથે જાન્યુઆરી માસમાં ગાંધીનગર હોસ્પિટલમાં ફરજ બજાવતા ૮૦થી વધુ રેસીડન્ટ ડોકટર્સ એક દિવસીય માસ સીએલ પર ઉતરી ગયા હતા અને કામગીરીથી અળગા રહ્યા હતા. રેસીડન્ટ ડોકટરોએ કોલેજના ડીન તેમજ આરોગ્ય વિભાગ સુધી સ્ટાઈપેન્ડ અંગે રજુઆત કરી હતી. સરકારના આરોગ્ય વિભાગ દ્વારા તેઓની પગાર વધારાની માંગણીને લીલીઝંડી મળી ગઈ છે. સરકારે અન્ય રેસીડન્ટ ડોકટરોના ધારાધોરણ મુજબ રાજયની તમામ મેડીકલ કોલેજના રેસીડન્ટ ડોકટરોના સ્ટાઈપેન્ડમાં ૪૮ ટકા જેટલો ધરખમ વધારો કરી દીધો છે. છેલ્લા ત્રણ વર્ષથી વધી રહેલી મોંઘવારીને ધ્યાને લઈ આ નિર્ણય તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે.

# રવિવારે ફરી એકવાર શહેરમાં 'યુથરન' યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિનું વર્ષ દેશભરમાં ઉજવાઈ રહ્યું છે. ગાંધીનગરમાં તા. ૨૦મી માર્ચ રવિવારે 'યુથ રન ફોર નેશનલ યુનિટિ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ યુથ રન વિધાનસભા સામે ચ રોડ સ્થિત ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસેથી સવારે ૯ કલાકે પ્રારંભ થશે. જે સે-૧૬માં યુથ હોસ્ટેલ ખાતે સમાપન પામશે. આ પ્રસંગે યુથ હોસ્ટેલ, ખાતે ડૉ. આંબેડકરના જીવન તથા કાર્ય આધારિત ફિલ્મનું પ્રદર્શન પણ યોજાશે. આ ઉપરાંત યુથ હોસ્ટેલ ખાતે તથા સે-૨૧ જીમખાના ખાતે વિવિધ રમતોની સ્પર્ધાઓ પણ યોજાશે. આ સાથે સાયકલયાત્રા પણ યોજાશે.

ભારતરત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરના મહાનિર્વાણ દિને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં ડૉ. આંબેડકરના અમૂલ્ય યોગદાનને યાદ કરતા તેમની ૧૨૫મી જન્મજયંતિનું વર્ષ ભવ્ય રીતે ઉજવવા હાકલ કરી હતી. આ સાથે તેમણે ડૉ. આંબેડકરનો જીવન સંદેશ યુવા પેઢીમાં પ્રસરે તે અત્યંત જરૂરી હોવાનું જણાવ્યું હતું. નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા ડૉ. આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણીમાં વિવિધ કાર્યક્રમો યોજી આમ જનતામાં એકતા, સમાનતાની ભાવના પ્રગટ થાય તથા સમાજમાં નાત-જાત, છુતાછુતના ભેદભાવ દૂર થાય અને ભેદભાવ યુકત સમાજનું નિર્માણ થાય તે અંગે

**ડૉ. આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા યુથરન તથા સાયકલ યાત્રાનું આયોજન : સવારે ૯ કલાકે ચ રોડ સ્થિત બાબા સાહેબની પ્રતિમાથી યુથરન પ્રારંભ થશે : આ ઉપરાંત સે-૨૧ જીમખાના ખાતે વોલીબોલ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, સ્વીમીંગ કોમ્પીટીશન યોજાશે**

પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ સાથે યુવાનો દ્વારા સામાજિક દૂષણોનો પ્રતિકાર થાય, ડૉ. આંબેડકરના જીવન કાર્ય અંગે જાણકારી ફેલાય, એકતા સદભાવનાના વાતાવરણનું નિર્માણ થાય તે માટે તથા નબળા અને ગરીબ વર્ગના કલ્યાણ માટેની યોજનાઓ અંગે માર્ગદર્શન મળે તે માટે સરકારની ફલેગશીપ યોજનાઓનો પ્રચાર થાય તે મુજબના કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યાં છે.

આગામીતા. ૨૦મી માર્ચે સવારે ૯ કલાકે ચ રોડ સ્થિત ડૉ. આંબેડકરની પ્રતિમાથી યુથરન તથા સાયકલ રેલીનું આયોજન કરાયું છે. આ ઉપરાંત સે-૧૬ યુથ હોસ્ટેલ ખાતે ડૉ. આંબેડકર આધારિત ફિલ્મ શૉ અને કરાટે જુડોની સ્પર્ધા યોજાશે. આ ઉપરાંત સે-૨૧ સચિવાલય જીમખાના ખાતે આ દિવસે વોલીબોલ ટુર્નામેન્ટ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, સ્વીમીંગ વગેરેની સ્પર્ધાઓ પણ યોજાશે. આ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે જીમખાનાનો સંપર્ક સાધવા જણાવાયું છે. સ્પર્ધામાં વિજેતાઓને પ્રમાણપત્ર શીલ્ડ વગેરે આપીને સન્માનવામાં આવશે.



કોબા ગામમાં તાજેતરમાં આંગણવાડી બાળકો, પ્રાથમિક શાળાના બાળકો અને સમસ્ત ગ્રામજનો માટે આધારકાર્ડની કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવી હતી. ગામમાં સરકારની યોજનાની સુંદર કામગીરીને પગલે કોબા ગામના સરપંચ યોગેશ નાયીએ ગાંધીનગર કલેકટર અને મામલતદારનો આભાર વ્યકત કર્યો હતો.

## ધુળેટીના દિવસે જૈન સોશ્યલ ગૃપનો શપથવિધિ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા આગામી તા.૨૪મી માર્ચના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન સેકટર-૭ના કોમ્યુનિટી હોલ ખાતે કાર્યવાહક સમિતિના સભ્યોના શપથવિધિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં સમારંભના પ્રમુખ તરીકે જે.એસ.જી.આઈ.એફ. ગુજરાત રીજીયન ચેરમેન ચિરાયુ કોઠારી, મુખ્ય અતિથિ તરીકે જે.એસ.જી.આઈ. એફ ઈન્ટરનેશનલ ડાયરેકટર તથા ગુજરાત રીજીયનના પૂર્વ ચેરમેન પિનાકીન શાહ હાજર રહેશે. આ દિવસે જુના મેમ્બર્સને હાજર રહી સભ્યપદનું રીન્યુઅલ મેળવવા વિનંતી છે. આ ઉપરાંત જે નવા સભ્યોને ગૃપમાં સભ્યપદ મેળવવું હોય તેઓ આ કાર્યક્રમથી સભ્ય બની શકશે. સભ્ય દંપતિની વાર્ષિક ફી રૂ.૨૨૦૦ રાખવામાં આવેલી છે. ૨૪મી માર્ચના કાર્યક્રમમાં ફી ભરનારને એક આકર્ષક ગીફટ આપવામાં આવશે. વર્ષ દરમિયાન ૧૦થી ૧૨ અલગ અલગ કાર્યક્રમ આપવામાં આવશે. જે નવા સભ્યોને સભ્યપદ મેળવવું હોય તેઓએ સેક્રેટરી કૌશિકભાઈ શાહનો સંપર્ક સાધવાનો રહેશે. આમ જૈન સોશ્યલ ગૃપના સેક્રેટરી આશા સરવૈયાએ જણાવ્યું છે.

# પાટનગરમાં પાનખરનો પ્રભાવ

## નગરની ધરતીએ વૃક્ષોના સુકાયેલા પાંદડાની ચાદર ઓઢી, સાફ-સફાઈના અભાવે કદરૂપા દશ્યો

ગાંધીનગર, તા.૧૭

કુદરતની લીલાનો સાક્ષાત અનુભવ એટલે વૃક્ષો ઉપરથી પાનખરનો પ્રારંભ.ધરતી ઉપરના તમામ વૃક્ષો ગ્રીષ્મ ઋતુની શરૂઆતે જ પોતાનું જુનું આંચળ (પાંદડા) ત્યજીને નવા પાંદડા દ્વારા અલંકારીત થઈ ઉઠે છે. રાજયના પાટનગરમાં સૌથી વધુ વૃક્ષો આવેલા છે અને તેથી જ તેની ઓળખ હરીયાળા નગર તરીકે થાય છે. શહેરના વૃક્ષોએ જુના વસ્ત્રો (પાંદડા) ત્યજી દેતાં સમગ્ર નગર સુકાયેલા પાંદડાની ચાદરમાં લપેટાઈ ગયું હોય તેવું લાગે છે. જો કે સમયસરની સાફ સફાઈ ન થતા ગંદકી થકી કદરૂપા દશ્યો નગરજનોને હચમચાવી રહ્યા છે.

કુદરતના સાંનિધ્યમાં ઉછરતા વૃક્ષો પોતાના સ્વભાવ મુજબ સમયસર બદલાવ કરી લે છે. પાનખરની શરૂઆત થતાં જ નગરના તમામ વૃક્ષો એ પાંદડાનો ત્યાગ કરી દીધો છે. આ સુકાયેલા પાંદડાથી નગરની ધરતીએ ચાદર ઓઢી લીધી હોય તેવા દશ્યો ઉભા થયા છે. જો કે વૃક્ષો ઉપર નવા પાંદડાઓના આગમનથી જ પાનખર શરૂ થઈ જાય છે. ગાંધીનગરમાં અસંખ્ય વૃક્ષો



આવેલા છે આ તમામ વૃક્ષોના સુકાયેલા પાંદડા હાલ મુખ્યમાર્ગો, શોપીંગ સેન્ટર, આગળ, ફુટપાથ ઉપર, ઘર આગળ અને સોસાયટીઓમાં વેરવિખેર હાલતમાં ફેલાયેલા પડયા છે.

સર્વત્ર સુકાયેલા પાંદડાના સામ્રાજયથી નગરની ધરતી ઢંકાઈ ગઈ છે. વધુમાં કેટલાક ઠેકાણે પાણી અને અન્ય પદાર્થોના ભેળસેળથી ગંદકીના ઢગ ઉભા થયા છે. સમયસરની સાફ સફાઈ થતી ન હોવાથી પાંદડાઓની સંખ્યામાં સતત વધારો થતો જાય છે અને સ્વચ્છ, સ્વસ્થ અને સુંદર નગરમાં વરવા દશ્યો ઉભા થયા છે. રહીશો દ્વારા દૈનિક પાંદડાઓનો કચરો વીણીને એકઠો કરાય છે પરંતુ માર્ગની તથા ફુટપાથ આસપાસ સફાઈ કામદારોની સાફસફાઈ દેખાતી નથી. સ્માર્ટ સિટી તરફ પાટનગરની આવા નજીવા કારણોસર ખોટકાઈ જવાની સંભાવના પણ શહેરીજનો વ્યકત કરી રહ્યા છે. તંત્ર પણ સારી રીતે જાણે છે કે પાનખરમાં વૃક્ષોના પાંદડાથી શહેરમાં કચરાના ઢગ સર્જાશે છતાં આગોતરૂ આયોજન કરેલ ન હોવાનો બળાપો પણ લોકો વ્યકત કરી રહ્યા છે. નગરને હરીયાળુ અને રળીયામણું બનાવવા લોકોની જાગૃતિ સાથે તંત્રએ પણ કમર કસવી જ પડશે તે હાલ પાનખરના શહેરમાં વધેલા પ્રભાવથી લાગી રહ્યું છે.



ગાંધીનગરના ઘ-૬ સર્કલની આસપાસ ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરીવારના બાળકોને 'અક્ષરજ્ઞાન'ના વર્ગો દ્વારા શિક્ષણદાન અપાય છે. કડી સર્વ વિદ્યાલય કેમ્પસના કેટલાક સ્વૈચ્છિક સેવાભાવી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ દ્વારા કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આ વર્ગો ચલાવાય છે. આ બાળકોને કેટલાક વિષયોનું પ્રેકટિકલ જ્ઞાન આપવા જરૂરી સામગ્રીની જરૂરિયાત પણ અવારનવાર ઉભી થતી હોય છે. આ જરૂરીયાત સ્વૈચ્છિક સેવાભાવી દાતાઓ દ્વારા પરિપૂર્ણ કરાતી હોય છે. તાજેતરમાં બાળકોને ચિત્રકામ શિખવાડવા અંગે જરૂરી સામગ્રીની ઉભી થયેલ જરૂરિયાતને પેથાપુર સ્ટેટના રાજવી કુટુંબના વારસદાર ડૉ. રૂપકમલે પુરી કરી હતી. તેમણે ૫૦ બાળકોને ચિત્ર અંગેની કીટ આપી હતી.

## ચિરવિદાય

● સ્વ. સોલંકી અભુજી રાઘુજી, ઉ.વ. ૬૮